મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન
યોજના અંતર્ગત અનુસૂચિત જાતિઓ,
સામાજિક અને શૈક્ષણિક રીતે
પછાતવર્ગ, બિન અનામત આર્થિક
રીતે પછાત વર્ગો, વિચરતી અને
વિમુકત જાતિઓ તેમજ લઘુમતિના
કિસ્સામાં પ્રાથમિક શાળાઓમાં
શિષ્યવૃતિ અને ગણવેશ સહાય
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ /૧૦૨૦૧૫/૭૪૨૦૫૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૧૩-૧૦-૨૦૧૫

વંચાણે લીધો (૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો તા.૭-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

પ્રસ્તાવનાઃ

ઉપરોકત વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા.૭-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ થી રાજય સરકારે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, બિન અનામત આર્થિક પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તેમજ લઘુમતિઓ માટે પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ કક્ષાએ તેજસ્વી અને ગરીબ વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના" નો અમલ કરવાનો નિર્ધાર કર્યો છે. આ યોજનામાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, બિન અનામત આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તેમજ લઘુમતિઓને સમાનતાના ધોરણે શૈક્ષણિક લાભો આપવાનું પણ નકકી કરવામાં આવ્યું છે.

ઉકત "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના"ના અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં/પૂર્વ એસ.એસ.સી.માં ભણતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓને સમાન ધોરણે ગણવેશ સહાય અને શિષ્યવૃતિ મળે તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પૂખ્ત વિચારણાના અંતે સરકાર નીચે મુજબનો ઠરાવ કરે છે.

**ઠરાવઃ-**

૧. અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો (બિન અનામત) વિચરતી અને વિમુકત જાતિ તેમજ લઘુમતિઓના સરકારી પ્રાથમિક શાળાઓ, તેમજ અનુદાનિત પ્રાથમિક શાળાઓ/આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં ભણતા, અગાઉ જે જે વર્ગો માટે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૪૭૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૬૮૦૦૦/- ની આવક મર્યાદા

હતી તે તે કિસ્સાઓમાં આવક મર્યાદા નાબુદ કરીને, અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, બિન અનામત આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી-વિમુકત જાતિઓ અને લઘુમતિઓને સમાનતાના ધોરણે ગણવેશ સહાય પેટે દર વર્ષે બે જોડી ગણવેશ માટે રૂ. ૩૦૦/- ચુકવવામાં આવશે.

૨. આવી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં શિષ્યવૃતિ પેટે અનુસૂચિત જાતિઓના કુમાર છાત્રોને વાર્ષિક રૂ. ૫૦૦/-, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, બિન અનામત આર્થિક પછાત વર્ગો તેમજ લઘુમતિઓને વાર્ષિક રૂ. ૨૫૦/- તેમજ વિચરતી અને વિમુકત જાતિના કુમાર છાત્રોને વાર્ષિક રૂ. ૫૦૦/- ચુકવવામાં આવે છે. આ નીતિમાં સુધારો કરીને, જે જે જૂથો/જાતિઓના કિસ્સાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪૭૦૦૦/- અને શહેર વિસ્તારની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬૮૦૦૦/- હતી તે તે કિસ્સામાં આવક મર્યાદા નાબૂદ કરીને, ઉપરોકત જાતિ/જૂથોના ધોરણ ૧ થી ૮ માં ભણતા કુમારોને વાર્ષિક રૂ. ૫૦૦/- ના સમાન ધોરણે શિષ્યવૃતિ ચૂકવવામાં આવશે.

૩. ઉપરોકત ફકરા (૨) માં દર્શાવેલા તમામ વર્ગો/જૂથો/જાતિઓની કન્યાઓને કન્યા કેળવણીના પ્રોત્સાહન રૂપે સમાન ધોરણે, ધોરણ ૧ થી ૫માં વાર્ષિક રૂ. ૫૦૦/- તેમજ ધોરણ ૬ થી ૮ માં વર્તમાન ચાલુ દરે વાર્ષિક રૂ. ૭૫૦/- શિષ્યવૃતિ ચૂકવવામાં આવશે.

૪. યોજનાના અમલમાં સરળતા અને ઝડપ થાય તે માટે વર્તમાન પધ્ધતિ પ્રમાણે પ્રાથમિક શાળાઓના આચાર્યોએ તેમના શાળાઓમાં ભણતા અનૂસચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, બિન અનામત આર્થક પછાત વર્ગો, વિચરતી અને વિમૂકત જાતિ તેમજ લઘુમતિના કુમાર/કન્યા છાત્રોની દરખાસ્ત યુધ્ધના ધોરણે તૈયાર કરીને નિયત પધ્ધતિ પ્રમાણે મંજુર કરવાની રહેશે.

૫. સુધારેલી શિષ્યવૃત્તિની યોજનાનો અમલ ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬થી કરવાનો થતો હોઇ વર્તમાન યોજના અંતર્ગત જે વિદ્યાર્થીઓને જૂના દરે શિષ્યવૃતિ ચૂકવાઇ હશે તેમને તફાવત પેટે નવા સુધારેલા દરે શિષ્યવૃત્તિ ચૂકવવાની રહેશે.

૬. પ્રાથમિક શાળાઓમાં શિષ્યવૃતિ અને ગણવેશ સહાયના લાભાર્થી છાત્રો પૈકી મોટા ભાગના વર્તમાન લાભાર્થી વિદ્યાર્થીઓના બેન્ક ખાતા ખોલાવવામાં આવેલા જ છે. આ યોજનામાં સુધારાના કારણે પ્રાથમિક શાળાઓમાં વધારાના લાભાર્થી વિદ્યાર્થીઓના ખાતા પણ સબંધિત શાળાઓના આચાર્યોએ યુધ્ધના ધોરણે ખોલાવવાના રહેશે. અને શિષ્યવૃતિ અને ગણવેશ બેંક ખાતા મારફતે ચુકવવાની રહેશે.

૭. પ્રાથમિક શાળાઓમાં શિષ્યવૃતિ અને ગણવેશ સહાય માટે હાલ પે સેન્ટર શાળાઓ અને તાલુકા વિકાસ અધિકારીઓને સોંપાયેલી ભૂમિકા પણ તેમણે પુરતા ખંત અને તત્પરતાથી નિભાવવાની રહેશે.

૮. આ યોજનાના અમલમાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા નાયબ નિયામક (વિ.જા)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિજા), જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) વગેરેએ સતત સંપર્કમાં રહીને સંકલન સાધી યોજનાના અમલ માટે વખતો વખત બેઠકો બોલાવી જરૂરી પગલા લેવાનાં રહેશે.

૯. આ શિષ્યવૃત્તિ અને ગણવેશ યોજનાઓનો ખર્ચ યોજનાના લાભાર્થી જૂથો/જાતિઓ/વર્ગો પ્રમાણે નીચે મુજબ ઉધારવાનો રહેશે.

(૧) અનુસૂચિત જાતિઓની શિષ્યવૃતિ માટેઃ- માંગણી ક્રમાંક ૯૫, મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૧, અનુસૂચિત જાતિનું કલ્યાણ, ગૌણ સદર ૨૭૭ શિક્ષણ, પેટા સદર, બીસીકે-૨/૭૧ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતી પરિક્ષિતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિમાં ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઇમાંથી અને જરૂર જણાય વધારાના ખર્ચ માટે સુધારેલા અંદાજો/પુરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

(૨) અનુસૂચિત જાતિઓના ગણવેશ માટેઃ- માંગણી ક્રમાંક ૯૫, મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૧, અનુસૂચિત જાતિનું કલ્યાણ, ગૌણ સદર ૨૭૭ શિક્ષણ, પેટા સદર (૦૮) બીસીકે-૧૬ અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયમાં ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઇમાંથી અને જરૂર જણાય વધારાના ખર્ચ માટે સુધારેલા અંદાજો/પુરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો તેમજ લધુમતિઓની શિષ્યવૃતિ માટેઃ-માંગણી ક્રમાંક ૯૨, મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૩, પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર ૨૭૭ શિક્ષણ, પેટા સદર બીસીકે-૭૬/૭૭/૩૫૧ પૂર્વ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને રાજય શિષ્યવૃતિ તેમજ ધો. ૧ થી ૪ માં ભણતા વિધાર્થીઓને શિષ્યવૃતિમાં ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઇમાંથી અને જરૂર જણાય વધારાના ખર્ચ માટે સુધારેલા અંદાજો/પુરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક પછાત વર્ગો અને લઘુમતિઓના ગણવેશ સહાય માટેઃ- માંગણી ક્રમાંક ૯૨, મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૩, પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર ૨૭૭ શિક્ષણ, પેટા સદર(૦૭), બીસીકે-૮૫ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં બાળકોને ગણવેશ સહાયમાં ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઇમાંથી અને જરૂર જણાય વધારાના ખર્ચ માટે સુધારેલા અંદાજો/પુરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

(૫) વિચરતી અને વિમુકત જાતિઓ શિષ્યવૃત્તિ માટેઃ- માંગણી ક્રમાંક ૯૨, મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૮૦ સામાન્ય, ગૌણ સદર ૧૦૧ વિમુકત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ પેટા સદર(૦૪), બીસીકે-૧૩૬ પૂર્વ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને રાજય શિષ્યવૃતિમાં ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઇમાંથી અને જરૂર જણાય વધારાના ખર્ચ માટે સુધારેલા અંદાજો/પુરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

(૬) વિચરતી અને વિમુકત જાતિઓના ગણવેશ સહાય માટેઃ- માંગણી ક્રમાંક ૯૨, મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૮૦ સામાન્ય, ગૌણ સદર ૧૦૧ વિમુકત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ પેટા સદર(૦૮), બીસીકે-૧૪૦ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં બાળકોને ગણવેશ સહાયમાં ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઇમાંથી અને જરૂર જણાય વધારાના ખર્ચ માટે સુધારેલા અંદાજો/પુરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

આ ઠરાવ શિક્ષણ વિભાગની ફાઇલ ક્રમાંક પીઆરઇ/૧૪૨૦૧૫/સીંગલ ફાઇલ-૫૧૧૨/ક ઉપર નાણા વિભાગની તા.૧૨/૧૦/૨૦૧૫ની અનૂમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામ.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (કૃષિ, સહકાર અને પશુપાલન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.શ્રીમંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં)ના નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (આ.બા.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, (ખર્ચ)ના નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
-કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
-નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
-નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર
-નિયામકશ્રી, વિકસતી જાતિ જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર
-સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અનુ.જાતિ)/(જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) વિકસતિ જાતિ)(નિયામકશ્રી વિકસતી જાતી ખાતા મારફત)
-સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિકસતિ જાતિ)/(જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિકસતિ જાતિ)(નિયામકશ્રી વિકસતી જાતી ખાતા મારફત)
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ,
-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- અધિક સચિવશ્રી,સંયુકત સચિવ/નાયબ સચિવશ્રીઓ, ઉપસચિવશ્રીઓ, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, સીસ્ટમ મેનેજરશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબ સાઇટ પર મુકવા સારુ.)